विद्याविनियोगाद्विकासः

# આઈઆઈએમએમાં ઈપીજીડી-એબીએના દીક્ષાંત સમારોહમાં 41 વિદ્યાર્થીઓને ડિપ્લોમા એનાયત કરવામાં આવ્યા

*~ રિલાયંસ જિયોના મુખ્ય એઆઈ વૈજ્ઞાનિક ડૉ. ગૌરવ અગ્રવાલે આ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી*

*~ ડૉ. અગ્રવાલે વિદ્યાર્થીઓને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સને રાષ્ટ્ર નિર્માણ માટેના એક સાધન તરીકે જોવા વિનંતી કરી અને તેમને દેશની સમસ્યાઓના ઉકેલ માટે તેમની કુશળતાનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કર્યા*

**~ આઈઆઈએમએનો ઈપીજીડી-એબીએ એક 16 માહનો પાઠ્યક્રમ છે જે મિશ્રિત મોડમાં શીખવવામાં આવે છે તથા તેની રચના કાર્યરત વ્યાવસાયિકો માટે કરવામાં આવેલ છે**

**28 જાન્યુઆરી 2026:** ભારતીય પ્રબંધ સંસ્થાન અમદાવાદ (આઈઆઈએમએ) ખાતે દીક્ષાંત સમારોહ માટે આયોજિત કાર્યક્રમમાં કુલ 41 વિદ્યાર્થીઓને ઉન્નત વ્યવસાય વિશ્લેષિકીમાં અનુસ્નાતક ડિપ્લોમા (ઈપીજીડી-એબીએ) એનાયત કરવામાં આવેલ.

રિલાયંસ જિયોના મુખ્ય એઆઈ વૈજ્ઞાનિક ડૉ. ગૌરવ અગ્રવાલે મુખ્ય અતિથિ તરીકે આ પ્રસંગમાં હાજરી આપીને શોભાવૃદ્ધિ કરેલ. મુખ્ય અતિથિ સાથે મંચાસીનોમાં આઈઆઈએમએના નિદેશક પ્રોફેસર ભારત ભાસ્કર; ડીન (પ્રોગ્રામ્સ) પ્રોફેસર દિપ્તેશ ઘોષ; પ્રોફેસર કાર્યક્રમના અધ્યક્ષ અનિન્દ્ય ચક્રવર્તી; તથા સંસ્થાનના સંકાય સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા. પ્રોફેસર ભારત ભાસ્કરે કાર્યક્રમના વિદ્યાર્થીઓને ડિપ્લોમા એનાયત કર્યા.

આઈઆઈએમએ દ્વારા પ્રસ્તુત ઈપીજીડી-એબીએ, 16 માહનો ડિપ્લોમા પાઠ્યક્રમ છે, જેને કાર્યરત વ્યાવસાયિકોને ડેટા વિશ્લેષણ કરવા તથા જરૂરી માહિતીઓ મેળવવા જરૂરી કૌશલ્યથી સજ્જ કરવા માટે બનાવવામાં આવેલ છે, જેથી તેઓ અસરકારક પ્રબંધકીય તથા વ્યવસાય નિર્ણયો લઈ શકે. આ પાઠ્યક્રમ મિશ્રિત મોડમાં પ્રસ્તુત કરવામાં આવે છે, જેમાં વિશ્લેષિકી ઉપકરણ, મશીન લર્નિંગ, ક્લાઉડ કંપ્યૂટિંગ તથા ડોમેઇન એપ્લિકેશનના કોર્સ સામેલ છે.

ઈપીજીડી-એબીએ 2024-25 બેચમાં જુદી–જુદી વ્યાવસાયિક પૃષ્ઠભૂ તથા ડોમેઇનના પ્રતિભાગી સામેલ છે, જેમ કે, પરામર્શ; છૂટક વેચાણ/ઈ-કૉમર્સ; વિજ્ઞાપન; ટેલીકૉમ; બેંકિંગ, નાણાંકીય સેવાઓ

विद्याविनियोगाद्विकासः

તથા વીમા; એફએમસીજી; આઈટી; અને ઉત્પાદન; અને અન્ય. સ્નાતક થઈ રહેલ વિદ્યાર્થીઓ હવે આઈઆઈએમએના પ્રતિષ્ઠિત ભૂતપૂર્વ વિદ્યાર્થીસમૂહનો ભાગ બની જશે.

દીક્ષાંત સંબોધન કરતા, રિલાયન્સ જિયોના ચીફ એઆઈ સાયન્ટિસ્ટ ડૉ. ગૌરવ અગ્રવાલે ઉત્તર પ્રદેશના એક નાના શહેરથી રિલાયન્સ જિયોના એઆઈ હેડ બનવા સુધીની તેમની સફર વિશે વાત કરી. તેમણે →હેડલાઈટ્સ ફિલોસોફી→ વિશે વાત કરી અને સમજાવ્યું કે જ્યારે કોઈની લાંબા ગાળાની કારકિર્દીના માર્ગ અંગે સ્પષ્ટતા ઓછી હોય, ત્યારે પણ વ્યક્તિ માત્ર તરત પછીના પગલા પર ધ્યાન કેન્દ્રિત કરીને અને આગળ વધીને નોંધપાત્ર પ્રગતિ કરી શકે છે, જે આખરે સમય જતાં સફળતા તરફ દોરી જાય છે. અનિશ્ચિત ભવિષ્યનો સામનો કરવા માટે ત્રણ મુખ્ય સિદ્ધાંતોની રૂપરેખા આપતા, તેમણે સૌપ્રથમ સ્નાતકોને વધુ પડતી આગાહીઓ ટાળવા અને તેના બદલે ઝડપથી બદલાતી દુનિયામાં પરિવર્તન માટે ચપળતા અને તૈયારી પર ધ્યાન કેન્દ્રિત કરવાની સલાહ આપી. બીજું, તેમણે તેમના કાર્ય પર ધ્યાન કેન્દ્રિત કરવાના મહત્વ પર ભાર મૂક્યો, વિવિધ ક્ષેત્રોના સ્નાતકોને તેમના કાર્યમાં ઊંડાણપૂર્વક જોડાવા માટે પ્રોત્સાહિત કર્યા. અંતે, તેમણે તેમને તેમની યાત્રામાં અનિશ્ચિતતાને સ્વીકારવા અને ભવિષ્યની અસ્પષ્ટતાને કારણે તેમના વર્તમાનની ઉપયોગિતાને લકવાગ્રસ્ત ન થવા દેવા વિનંતી કરી.

ડૉ. અગ્રવાલે વિદ્યાર્થીઓને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ/કૃત્રિમ બુદ્ધિમત્તાને રાષ્ટ્ર નિર્માણ માટેના એક સાધન તરીકે જોવા પણ આગ્રહ કર્યો. તેમણે કહ્યું, →આપણે હાલમાં માનવ ઇતિહાસમાં ટેકનોલોજીના સૌથી રોમાંચક તબક્કાઓમાંના એકમાં છીએ. પરંતુ આ માટે ભારત કરતાં વધુ રોમાંચક કોઈ સ્થાન નથી. તમે IIMAમાંથી સ્નાતક થઈ રહ્યા છો, તમારી પાસે વિશ્વની શ્રેષ્ઠ વિશ્લેષણાત્મક ટૂલકીટ છે. પરંતુ ફક્ત ક્લિક-થ્રુ રેટને ઑપ્ટિમાઇઝ કરવા માટે તમારી કુશળતાનો ઉપયોગ કરશો નહીં. ફક્ત ધનિકોને વધુ ધનવાન બનાવવા માટે તમારી કુશળતાનો ઉપયોગ કરશો નહીં. ભારતમાં તમારી આસપાસની સમસ્યાઓ જુઓ. તે અવ્યવસ્થિત છે, તે અસ્પષ્ટ છે, પરંતુ તે એવી સમસ્યાઓ છે જેને ઉકેલવાની જરૂર છે."

અંતિમ ભાષણમાં, આઈઆઈએમએના નિદેશક, પ્રોફેસર ભારત ભાસ્કરે ભારતમાં ડેટા વિશ્લેષિકી વ્યાવસાયિકોની વધતી જતી માંગ તથા ડેટા સમજણપૂર્વક વાપરવાની જવાબદારી પર ભાર મુક્યો. ટેકનોલોજીની પેલે પાર વિશ્લેષિકીની મોટી ભૂમિકા પર ભાર દેતાં એમણે કહ્યું, "વૈશ્વિક તથા સ્વદેશી સંગઠનો ભારતમાં વિશ્લેષિકી તથા કૃત્રિમ બુદ્ધિમત્તામાં મોટું રોકાણ કરી રહ્યા છે. જુદા–જુદા ક્ષેત્રની કંપનીઓ કાર્યકુશળતા સુધારવા, જોખમોને પ્રબંધિત કરવા, સેવાઓને વૈયક્તિક કરવા તથા નવાચારને વધારવા માટે વિશ્લેષિકી ઉપર ભરોસો ધરાવે છે. પરંતુ તમારે

**એ વાત પણ** ધ્યાનમાં **રાખવી પડશે** કે **વિશ્લેષિકી ફક્ત** નંબર તથા **અલ્ગોરિધમ** જ નથી; **પરંતુ લોકો વિશે** જાણકારી **રાખવી પણ** છે. તે **માનવીય વ્યવહારોને સમજવા**, જરૂરિયાતોનો **અંદાજ** કરવા તથા જીવનને **વધુ સારું બનાવવાના** નિરાકરણોની **રચના** કરવા **વિશે** છે. **માટે**, જેમ–જેમ તમેં **આગળ વધશો**, **હું** તમને **આગ્રહ** કરું છું કે તમેં કાર્યદક્ષતા તથા **સંવેદનાને સંતુલનમાં રાખીને હંમેશાં** નૈતિકતાને તમારું **માર્ગદર્શક** દિશાસૂચક **બનાવી રાખજો**. **આ** ડિપ્લોમા **અંતિમ પડાવ** નથી, **પરંતુ** જીવનભર **શીખવા માટેનો એક મજબૂત પાયો** છે."

###

**સંસ્થા**ન **વિશે વધુ** જાણવા **માટે**, કૃપા કરીને **અહીં** ક્લિક કરો: https://www.iima.ac.in/

**મીડિયા પ્રશ્નો માટે**, કૃપા કરીને **સંપર્ક** કરો:
**સુશ્રી શિવાંગી ભટ્ટ** | manager-comm@iima.ac.in
**સુશ્રી સૌમ્યા મિશ્રા** | pr@iima.ac.in |9570664488

…………………………………………………………………………………………………….
.